# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે આયોજિત બે દિવસીય તાલીમ કાર્યક્રમ

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી તથા આત્મા પ્રોજેકટ, ખેડા ના સંયુક્ત ઉપક્રમે "સ્ટ્રેન્થનિંગ ઓફ ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર" યોજના અંતર્ગત તા: ૧૪-૦૭-૨૦૧૬ થી ૧૫-૦૭-૨૦૧૬ દરમ્યાન તેલીબિયા પાકોની ખેતી પધ્ધતિ પર તાલીમ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં કપડવંજ તાલુકાનાં ત્રણ ગામોમાંથી ૩૦ ખેડૂતો હાજર રહ્યા હતા.

પ્રથમ દિવસે કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. એસ. એ. સિપાઈ, મદદનીશ વિસ્તરણ શાસ્ત્રીએ આમંત્રિત વ્યાખ્યાતાઓ તથા પધારેલ ખેડૂત ભાઈઓનું શાબ્દિક તથા પુષ્પગુચ્છોથી સ્વાગત કર્યું હતું. તદ્ઉપરાંત "આધુનિક કૃષિમાં નવીનતમ તજજ્ઞતાઓની અગત્યતા અને બજાર વ્યવસ્થાપન" વિશે વિસ્તૃત ચિતાર આપ્યો હતો.

ભોજન વિરામ બાદ ડૉ. જે. કે. પટેલ સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, એ ચોમાસુ તેલીબિયાઈ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિશે વિસ્તૃત ચર્ચા કરેલ.

બીજા દિવસે, ડૉ. બી. એન. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી એ કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન, બીજ ઉત્પાદન અને વિસ્તરણને લગતી પ્રવૃત્તિઓથી ખેડૂતોને વાકેફ કર્યા હતા તથા પ્રો. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે "સંકલિત જીવાત વ્યવસ્થાપન, એક આગવો અભિગમ" તથા મહત્વના ચોમાસુ તેલીબિયાઈ પાકોમાં પાક સંરક્ષણ પર વિસ્તૃત વ્યાખ્યાન આપેલ. ભોજન વિરામ બાદ પ્રો. એસ. એ. સિપાઈ એ પધારેલ ખેડૂતોને કેન્દ્રની મુલાકાત કરાવેલ.

કાર્યક્રમના અંતે પ્રો. એમ. બી. ઝાલાએ આભારવિધી કરી હતી.








